| GJVD050007892026 | | પ્રાપ્તિ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | सत्यमेव जयते | | | | |

---

**મે. સાવલીના  એડી. ચીફ જયુ.મેજી. સાહેબશ્રીની અદાલત**
**સમક્ષ, મુ. સાવલી**

---

**મુ.અ.નં.૧૧૧/૨૦૨૬**

**અરજદાર**

ચૌહાણ સૈદાબેન રણજીતસીંહ

રહે. દશરથ, તા. જી. વડોદરા

**વિરુધ્ધ**

**સામાવાળા**

શ્રી સરકાર

(૧) અરજદાર ચૌહાણ સૈદાબેન રણજીતસીંહ રહે. દશરથ, તા. જી. વડોદરા નાઓએ આ કામે સાવલી પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૭૦૪૭૨૫૧૧૧૧/૨૦૨૫ જુગાર અટકાયતી અધિનીયમની કલમ–૧૨ ના કામે પોલીસે કબજે લીધેલ આ કામના અરજદારની માલીકીનો મુદ્દામાલ મોબાઈલ વીવો ટી–૪ એકસ જેનો **IMEI NO.**

**867125085738364** પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

ઉપરોકત જણાવેલ મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહેવાથી અરજદારને રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તથા અરજદારને આર્થીક નુકસાની થાય તેમ છે તેમજ મુદ્ધામાલ ફોનમાં તેમના સગા સંબંધીઓ તથા ધંધાકીય સંબંધીઓના ફોન નંબરો છે, તેમજ સદર મોબાઈલ ઈલેક્ટ્રોનિક ડીવાઈસ હોઈ વધુ સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહેવાથી અરજદારને રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તથા તેના સ્પેર પાર્ટસ, બેટરીને નુકશાન થવાથી અરજદારને આર્થિક નુકશાની થાય તેમ છે જેથી યોગ્ય શરતોને આધિન સદર મુદ્ધામાલ પરત સોંપવા અરજ કરેલી છે. અરજદારે આ અરજી સાથે સદર મોબાઈલનું અસલ બીલ, ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ રજુ કરેલ છે. આરોપી તરફે નો–કલેઇમ પુરસીસ રજુ કરેલ છે.

(૨) અરજદારની સદર અરજી અન્વયે તપાસ કરનાર અમલદારે કરેલ રીપોર્ટ વંચાણે લીધો તથા તેની સાથે રજુ થયેલ પંચનામું, મુદ્ધામાલ પાવતી વંચાણે લીધા. સદર કામે અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા. વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૩) સદર કામે રજુ થયેલ મોબાઇલના બીલ વંચાણે લેતાં સદર મોબાઈલ હાલના અરજદારની માલીકીનું હોવાનું જણાઈ આવે છે. સદર મુદ્ધામાલ વધુ સમય માટે પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેર પાર્ટસને નુકશાન થાય અને તેથી અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તથા અરજદારને

મુદ્દામાલ વગર રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તેવા સંજોગો છે. જેથી તેને અરજદારને અમુક રકમના જામીન આપ્યેથી શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ઉપરોક્ત મુદ્દામાલનો ઉપયોગ થઈ શકે તથા તેનો વ્યય થતો અટકે. વળી **નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ ગુજરાત સરકાર**ના ચુકાદા મુજબ મુદ્દામાલ અરજદારને સોંપવો જોઈએ તે ધ્યાને લઈ તેવા સંજોગોમાં અરજદારને જામીન આપ્યેથી યોગ્ય શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાશે. જેથી નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

## હુ ક મ

– અરજદારની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

– સાવલી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૭૦૪૭૨૫૧૧૧૧/૨૦૨૫ જુગાર અટકાયતી અધિનીયમની કલમ– ૧૨ ના કામે પોલીસે કબજે લીધેલ આ કામના અરજદારની માલીકીનો મુદ્દામાલ મોબાઈલ વીવો ટી–૪ એકસ જેનો **IMEI NO. 867125085738364** આ કામના અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો જે તે પોલીસ સ્ટેશને રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડીના સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

(૧) અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૩) અરજદારે સદર મુદ્દામાલ કોઈને બક્ષિસ આપવું નહી, વેચવું નહી, કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવું નહી.

(૪) અરજદારે મુદ્દામાલ મોબાઈલનો ગુન્હાહિત પ્રવૃત્તીમાં ઉપયોગ કરવો નહી.

હુકમ અંગેની યાદી સંલગ્ન પોલીસ સ્ટેશનને કરવી તેમજ હુકમની એક નકલ કેસ રેકર્ડ સાથે રાખવી.

હુકમ આજ તા.૨૭ ના રોજ, માહે- માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૨૭/૦૩/૨૦૨૬

(અભિજીત કે. માવળંકર)
એડી.ચીફ જયુ. મેજી.
સાવલી
કોડ નં. GJ00677

ડી.એ. જાની/ ગુજ.સ્ટેનો.